## નવયુગ આર્ટ્સ કૉલેજ, સુરત
## મહિલા સશકિતકરણ પખવાડીયા અંતર્ગત વિવિધ કાર્યક્રમોનું આયોજન.

ઉચ્ચશિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી ગાંધીનગરના આદેશ અનુસાર અમારી સંસ્થામાં તા ૦૧/૦૮/૨૦૧૫ થી તા. ૧૪/૦૮/૨૦૧૫ દરમ્યાન મહિલા સશકિતકરણ અંતર્ગત વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેની વિગત નીચે મુજબ છે.

તા.૦૧/૦૮/૨૦૧૫ નાં રોજ અમારી નવયુગ આર્ટ્સ કૉલેજ માં 'મહિલા સુરક્ષા દિવસ'ની ઉજવણી નિમિત્તે કૉલેજની વિદ્યાર્થીનીઓને ૧૮૧ અભયમ હેલ્પ લાઇન અંગે માહિતગાર કરવામાં આવી હતી. જેમાં પોલીસતંત્રના પ્રતિનિધિ કૉલેજનાં આચાર્યા શ્રીમતી ડૉ.જયોતિબેનને મળ્યા હતાં અને સમગ્ર આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સ્થાનિક પોલીસ તંત્રની મદદ મળી હતી. પોલીસતંત્ર તરફથી ૧૮૧ અભયમ હેલ્પલાઇનની પ્રચાર-પ્રસાર કરતી એક વાન અમારા કૉલેજ કેમ્પસમાં આવી હતી અને જેમાં આ હેલ્પલાઈન અંગેના બેનર અને પોસ્ટરો દ્વારા વિદ્યાર્થીનીઓને માહિતી આપવામાં આવી હતી. આ ઉપરાંત દૃશ્ય / શ્રાવ્ય માધ્યમ દ્વારા પણ વિવિધ કિસ્સાઓની રજૂઆત વિદ્યાર્થીઓ સમક્ષ કરવામાં આવી હતી. મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ લાભ લીધો હતો.

આ ઉપરાંત અમારી કૉલેજની વિદ્યાર્થીનીઓ દ્વારા 'મહિલા સુરક્ષા દિવસ' ની ઉજવણી નિમિતે લગભગ ૨૫૦ જેટલી વિદ્યાર્થીનીઓની 'નારી જાગૃતિના' બેનર અને પોસ્ટરો દ્વારા એક વિશાળ રેલીનું આયોજન પણ થયું હતું, અને રેલી બાદ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી નાં NS.S. (રાષ્ટ્રીય સેવા યોજના) નાં કો.ઓર્ડિનેટર શ્રી માલવિયાસાહેબનું 'રાષ્ટ્રભાવના ઉજાગર કરવામાં મહિલાઓનું યોગદાન' વિષય ઉપર એક વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

તા.૦૩/૦૮/૨૦૧૫ નાં રોજ 'આલ્કોહોલિકસ એનોનીમસ સંસ્થા' ને અમારી કૉલેજમા આમંત્રણ આપી 'વ્યસન મુકિત' અંગે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અનેક લોકો આ વ્યસન માંથી મુકિત મેળવી આ રોગમાંથી સાજા થયાં છે. તેઓનાં અનુભવો રજૂ કર્યા હતાં અને આ સંસ્થામાના મહિલા કાર્યકર્તા - શ્રીમતી વીણાબેને એક વ્યસની પુરુષની પત્ની અને પરિવારીક મુશ્કેલી ઓ અંગે વિસ્તૃત માહિતી આપી કૉલેજમાં વિદ્યાર્થીઓને 'વ્યસનમુકત' રહેવા અને સમાજમાં રહેલાં વ્યસનીઓને મદદ કરી વ્યસનમુકત કરાવવા જાગૃત કર્યા હતાં.

તા. ૦૫/૦૮/૨૦૧૫ નાં રોજ આમારી કૉલેજનાં N.S.S (રાષ્ટ્રીય સેવા યોજના) ના યુનિટ દ્વારા એક 'રકતદાન કેમ્પ'નું આયોજન કરવામા આવ્યુ હતું જેમાં કૉલેજ વિદ્યાર્થીઓ દ્વારા (૩૫) બોટલ રકતદાન કરી સમાજને મદદરૂપ થવાના પ્રયત્નમાં સફળ થયાં હતાં

તા ૦૬/૦૮/૨૦૧૫ નાં રોજ 'મહિલા સશકિતકરણ' અંતર્ગત વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના 'ભાષાભવન' માં કાર્યરત શ્રીમતી પન્નાબેન ત્રિવેદીનું વ્યાખ્યાન નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં પન્નાબેને પૌરાણિક સ્ત્રીઓની શકિતઓને વર્ણવી,સીતા,દ્રૌપદી વગેરેની યાદ અપાવી આજની મહિલાઓને શારીરિક સૌષ્ઠવ મેળવી, સ્વયં સુરક્ષિત બની હિંમત દાખવી, મહિલાઓની સ્થિતી મજબૂત બનાવી શકાય એમ જણાવ્યું હતું.

તા. ૭ મી ઓગસ્ટ ૨૦૧૫ના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સીટી ખાતે સ્ત્રીશક્તિકરણ અંતર્ગત 'મહિલા શિક્ષણ દિવસ' ની ઉજવણીના ભાગરૂપે એક સંમેલનનુ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નવયુગ આર્ટસ કોલેજ ની ૫૦ વિદ્યાર્થીનીઓ અને બે અધ્યાપકોએ ભાગ લીધો હતો. આ સંમેલનમાં બે મહિલા વક્તાઓ શ્રીમતી જાગૃતિબેન પટેલ એમના વક્તવ્યમાં સ્ત્રીઓ દ્રઢતા અને આત્મ વિશ્વાસ થી પોતાનું સ્વાભિમાન જાળવી શકે, સ્ત્રીશક્તિકરણ એ સતત ચાલતી પ્રકિયા છે. તે વિશે ઘણું થયું છે અને હજુ ઘણું કરવાનું બાકી છે સ્ત્રી વિશે ના સમાજના માનસ માં પણ પરિવર્તન જરૂરી છે. એ જણાવી સ્ત્રીશક્તિકરણ ની વ્યાપક વિચારણા રજુ કરી હતી.

બીજા વક્તા શ્રીમતી મનીષાબેન પાનવાલા એ સ્ત્રી અને પુરુષ સરખા નથી , સ્ત્રી પુરુષ ની શારીરિક ક્ષમતા ની તુલના કરી હતી. સમગ્ર બ્રહ્માંડમાં સ્ત્રીતત્વ અને પુરુષતત્વ નુ સંતુલન જરૂરીછે. કોઈ પણ સૃષ્ટિના સર્જન માં સ્ત્રીતત્વ અને પુરુષતત્વનું સંતુલન ખોરવાઈ તો સર્જન ને બદલે વિનાશ ની પ્રક્રિયા શરૂ થાય છે. સ્ત્રીપુરુષ સરખા નથી પણ સમાન છે, એ વાત કરી હતી. વિભિન્ન પરીસ્થિતિ ઓમાં સ્ત્રીપુરુષ ની વાસ્તવિકતાઓ રજૂ કરી સ-શક્તિકરણ પ્રત્યે કટીબધ્ધ થવા જણાવ્યું હતું અને સ્ત્રી ને હ્યુમન તરીકે પોતાના અસ્તિત્વની સ્વીકારવાની વાત કરી હતી. સ-શક્તિકરણનો અર્થ જ આત્મનિર્ભર બનવું એમ જણાવી. સ્ત્રીઓ શારીરિક અને માનસીક રીતે મજબૂત બની આત્મનિર્ભર બનવાપર ભાર મુક્યો હતો.

તા.૦૮/૦૮/૨૦૧૫ નાં રોજ અમારી સંસ્થાની 'સપ્તધારા'અને ગુજરાતી વિભાગ આયોજિત 'સાહિત્ય સંસ્કાર સિંચન' પ્રવૃત્તિની 'સર્જનાત્મક અભિવ્યકિતધારા' અંતર્ગત 'નવલિકા લેખન' અને 'પાદપૂર્તિ' સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યુ હતું જેમાં 'નવલિકાલેખન' માં મહિલાઓને સ્પર્શતા વિષયો ઉપર વાર્તાઓ લખાય એવું વિષયવસ્તુ પસંદ કરવામાં આવ્યું હતું અને 'પાદપૂર્તિ'માં પણ મહિલાઓની કલ્પનાઓને ઉડાન મળે એવી પંકિતઓ પસંદ કરવામાં આવી હતી. મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લઈ આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

તા. ૧૦/૦૮/૨૦૧૫ નાં રોજ અમારી કોલેજનાં 'સપ્તધારા' અને ગુજરાતી વિભાગ અયોજિત 'જ્ઞાનધારા' અંતર્ગત 'પુસ્તક પરિચય' અને 'કાવ્યપઠન' સ્પર્ધાઓનું આયોજનકરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓમાં વિચારો નું ચિંતન , મનન અને સર્જકતાના ગુણો વિકસે એ હેતુ હતો.

આ ઉપરાંત 'સપ્તધારા' ની 'કલા - કૌશલ્યધારા' અંતર્ગત 'ચિત્રકલા' અને 'વેસ્ટ માંથી બેસ્ટ' સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ચિત્રકલા માં પ્રતિષ્ઠિત , સફળ મહિલાઓનાં ચિત્રો ને લગતા વિષયો પર ચિત્રો રજૂ થાય તેવા પ્રયત્નો રહ્યા હતાં, અને વેસ્ટ માંથી બેસ્ટ માં મહિલાઓની કલા-કારીગીરી વેસ્ટ માંથી બેસ્ટનું સર્જન કરવાની ક્ષમતા નાં દર્શન થયા હતાં.

તા.૧૧/૦૮/૨૦૧૫ સ્ત્રી સશક્તિકરણ અંતર્ગત મહિલા સ્વયંસિધ્ધા બને તેને લગતું કથાનક રજૂ કરતી ફિલ્મ બતાવી ' મુવી ડે' નું આયોજન કરવામાં આવ્યું હતું.

તા.૧૨/૦૮/૨૦૧૫ નાં રોજ મહિલાઓમાં રાષ્ટ્રભાવના જાગૃત થાય. તે માટે સમગ્ર વિદ્યાર્થીઓ દ્વારા 'દેશભક્તિ ગીત' સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ એ ભાગ લીધો હતો. અને કાર્યક્રમ ને સફળ બનાવ્યો હતો.

તા.૧૩/૦૮/૨૦૧૫ નાં રોજ માતાજી ની આરાધના કરી 'ગરબા ડે'નું આયોજન કરવામાં આવ્યું હતું.

તા.૧૪/૦૮/૨૦૧૫ નાં રોજ 'મહિલા શારીરિક સૌષ્ઠવ દિવસ' ની ઉજવણીનાં ભાગ રૂપે અમારી સંસ્થામાં વિદ્યાર્થી ટ્રેનરો દ્વારા યોગ-નિદર્શન અંગે ના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ યોગાસનો રજૂ કરવામાં આવ્યાં હતાં. અને યોગથી થતાં ફાયદા વિષે વિદ્યાર્થીઓને માહિતગાર કરવામાં આવ્યાં હતાં.

આમ તા.૦૧/૦૮/૨૦૧૫ થી ૧૪/૦૮/૨૦૧૫ સુધી વિવિધ કાર્યક્રમો નું આયોજન કરવામાં આવ્યું હતું.